# ભારે વરસાદથી પોરબંદરના કેટલાક ગામો સંપર્ક વિહોણા

## આગામી ૩૬ કલાક સુધીમાં ગુજરાતમાં કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ થવાની હવામાનની આગાહી

અમદાવાદ, તા.૧૩

રાજ્યમાં આજે સૌરાષ્ટ્ર, કચ્છ, દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ પડ્યો હતો. પોરબંદરમાં અતિ ભારે વરસાદથી ઘેડ પંથકના ૧૦થી વધુ ગામો સંપર્ક વિહોણા બની ગયા હતા. આ ઉપરાંત પારડીમાં ચાર ઈંચ, સુરત અને ભુજમાં તેજ પવન સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે દરિયો તોફાની થવાની ચેતવણી આપી છે. સૌરાષ્ટ્રમાં આજે ઘણા વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. ખાસ કરીને પોરબંદરમાં અતિ ભારે વરસાદ પડતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા અને લોકો ઘરની બહાર નીકળી શકતા નથી. ઘેડ પંથકમાં સંખ્યાબંધ ગામો સંપર્ક વિહોણા બની ગયા છે. મીણસાર, ભાદર, ઓઝત નદીમાં પૂર આવતાં તેના પાણી ખેતરોમાં ઘુસી ગયા હતા. આ ઉપરાંત ભૂજમાં પવન સાથે વરસાદ પડ્યો હતો. સુરત શહેરમાં પણ વરસાદના ઝાપટા પડ્યા હતા. વલસાડ જિલ્લામાં અનેક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. પારડીમાં ૧૦૪ મીમી અને સુરેન્દ્રનગરમાં ૨૧ મીમી વરસાદ પડ્યો હતો. સૌરાષ્ટ્રમાં સંખ્યાબંધ વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આગામી ૩૬ કલાક સુધી સમગ્ર રાજ્યમાં કેટલાક સ્થળોએ વરસાદના ભારેથી અતિ ભારે ઝાપટા પડી શકે છે. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં કેટલાક વિસ્તારોમાં વરસાદના એકાદ-બે ઝાપટા પડી શકે છે. રાજ્યમાં દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, દીવ, દમણ, દાદરા-નગર-હવેલીમાં ઘણા સ્થળોએ અને ઉત્તર ગુજરાતમાં તમામ જિલ્લામાં એકાદ-બે સ્થળોએ વરસાદના મધ્યમથી ભારે ઝાપટા પડી શકે છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૬.૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫.૬ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮:૩૦ વાગે ૮૫ ટકા અને સાંજે ૫:૩૦ વાગે ૫૩ ટકા નોંધાયું હતું.

# કંથારપૂરાના ઘેઘૂર વડની વન્યસૃષ્ટિનું નિરીક્ષણ કરતા મુખ્યમંત્રી



ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં કંથારપુરાની સીમમાં ૫૦૦ વર્ષ જેટલા પ્રાચિન ઘેઘૂર વડની વન્યસૃષ્ટિના નિરીક્ષણ અર્થે અણધારી મૂલાકાત લીધી હતી.

પૂર્વનિર્ધારિત શાળાપ્રવેશોત્સવ અભિયાન સંપન્ન કરીને શ્રી નરેન્દ્રભાઈ મોદી મહાકાલી માતાના પ્રાચિન મંદિરની નિશ્રામાં ગુજરાતની સાંસ્કૃતિક વન્યસૃષ્ટિ વિરાસત એવા કંથારપુરાના વિશાળ વડના નિરીક્ષણાર્થે પહોંચી ગયા હતા. મહાકાલી માતાના ભકિતભાવથી દર્શન કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે દહેગામ તાલુકાના ગામેગામ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રચારક તરીકે તેમણે આ પ્રાચિન વડની મૂલાકાત વર્ષો પહેલાં લીધેલી.

વનરાઈઓ અને વડવાઈઓની ઘટાટોપ વડની વન્યસૃષ્ટિના વૈજ્ઞાનિક જતન અને સંવર્ધન માટે તેમણે રાજયના વન વિભાગને સૂચના પણ આપી હતી અને પશ્ચિમ બંગાળમાં પ્રાચિન વડનું વૈજ્ઞાનિક સંવર્ધન સંરક્ષણ થઈ રહયું છે તેનો અભ્યાસ કરવા સૂચવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આપણા ગુજરાતમાં પ્રાચિન વિરાસતો, વન્યસૃષ્ટિના જતન માટે ભૂતકાળમાં જે ઉપેક્ષા થઈ તેનું દુઃખ વ્યકત કરતા જણાવ્યું કે આવી અલભ્ય વન્યસૃષ્ટિનો વિકાસ અને સંવર્ધન આપણી વિરાસતના વૈભવનું દુનિયાને દર્શન કરાવી શકે છે. આ દિશામાં વન વિભાગને કંથારપુરા વડની વિકાસ કાર્યયોજના તૈયાર કરવા તેમણે સૂચવ્યું હતું.



ગાંધીનગરના સેકટર-૨૪ના મુખ્ય રસ્તા પર જ કચરાપેટી મુકાઈ છે. છતાં અહીં ગંદકી અને કચરાનાં ઢગ ખુલ્લેઆમ જોવા મળે છે. ચોમાસુ પણ હવે તો દસ્તક દઈ રહ્યું છે ત્યારે આ ખુલ્લેઆમ કચરાના ઢગ રોગચાળાનો આશરો તો નહીં બને ને...!! (તસવીર : કશ્યપ નિમાવત)

## આસિયાની માસિક બેઠક ૧૬મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

એસોસિએશન ઓફ સિનિયર એન્જિનિયર્સ એન્ડ આર્કીટેક્ટ્સની જૂન માસની માસિક સભા ૧૬મી જૂનને રવિવારે નમન એપાર્ટમેન્ટ મહારાષ્ટ્ર ભવન સામે, સેક્ટર-૨૧ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે મળશે.

આસિયાની જૂન-૨૦૧૩ની માસિક સભામાં દરેક સભ્યને ઉપસ્થિત રહેવા સંસ્થાના મંત્રી હસમુખભાઈ શાહે અનુરોધ કર્યો છે.

## સરદાર પટેલની પ્રતિમા સંદર્ભની કામગીરી સંભાળવા સરદાર પટેલ ગૃપની પહેલ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તાજેતરમાં થયેલી સ્ટેચ્યુ ઓફ યુનિટીની જાહેરાતના અનુસંધાને જરૂરી કામગીરીમાં સરદાર પટેલ ગૃપે પોતાનો સહકાર આપવાની તાલાવેલી દર્શાવી છે.

સરદાર પટેલ ગૃપના પ્રદેશ પ્રમુખ મનિષ સંઘાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, લોખંડી પુરૂષ સરદાર પટેલની વિશ્વમાં સૌથી ઊંચાઈ વાળી પ્રતિમા બનાવવા માટે દેશભરના ગ્રામ્ય વિસ્તારમાંથી ખેડૂતોના વપરાયેલા લોખંડના સાધનો જેવા કે પાવડો, ત્રિકમ, કોદાળી જેવા હાલ બીન ઉપયોગી હોય તેવા સાધનો સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં વાપરીને વિશ્વની સૌથી ઊંચાઈવાળી પ્રતિમા બનાવવાનો નિર્ધાર કર્યો છે. આ કાર્યમાં સરદાર પટેલ ગૃપે કોઈ પણ સહકાર આપવા અને જરૂરી જવાબદારી સ્વીકારવા પોતાની સંમતિ આપી છે.



ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના હિંમતપુરા, વેડા, પલિયડ, ખોરજ અને ભાઉપુરા ગામ ખાતે આજરોજ શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. આ તમામ ગામની શાળામાં ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ગાંધીનગરના અધ્યક્ષ શ્રી વાડીભાઈ પટેલે ધોરણ-૧ અને આંગણવાડીના બાળકોને કંકુ તિલક કરી -વેશ વિધિ સંપન્ન કરાવી હતી.

## ખેડબ્રહ્મામાં ઠેર-ઠેર ગંદકીના ઢગ જામતા રોગચાળાની દહેશત

ખેડબ્રહ્મા, તા. ૧૩

ખેડબ્રહ્માના સ્ટેશન વિસ્તારમાં હનુમાન મંદિર પાછળ આવેલ ચંદન તલાવડીના પાર્કિંગની આસપાસ ગંદકી અને કચરાના ઢગલાથી આસપાસના રહીશો અને વેપારીઓ ભારે પરેશાન થઈ ઉઠ્યા છે. ખેડબ્રહ્માના હનુમાન મંદિર અને ચંદનવાડી સહિતના અનેક વિસ્તારોના જાહેર માર્ગો પર ગંદા પાણી ભરાતા ભારે કાદવકીચડ અને દુર્ગંધથી નાગરિકો પરેશાન થઈ ઉઠ્યા છે. માર્ગો પર ગંદુ પાણી સતત પડી રહેવાથી મચ્છરનો ઉપદ્રવ વધતો હોવાના કારણે રોગચાળો ગમે ત્યારે ફાટી નિકળવાની દહેશત લોકોને સતાવી રહી છે. ઠેર ઠેર કચરાના ઢગલા હોવા છતા નગરપાલિકા તંત્ર સમગ્ર મામલે આંખ આડા કાન કરી રહ્યું છે જેથી દરરોજ નાગરિકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ત્યારે તંત્રના અધિકારી ઘટતું કરે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

# બિમારીથી કંટાળેલા પ્રૌઢનો કરાઈ કેનાલમાં કુદીને આપઘાતનો પ્રયાસ

## સિકયુરીટી ગાર્ડે પ્રૌઢને બચાવી લીધો : ખિસ્સામાં સ્યુસાઈડ નોટ લખીને મુકી હતી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર નજીક કરાઈ નર્મદા કેનાલ પાસે અમદાવાદના ૫૦ વર્ષિય પ્રૌઢ આપઘાત કરવા આવી પહોંચ્યા હતા અને કેનાલમાં પડતું મુકી દીધું હતું. કેનાલ સિકયુરીટી ગાર્ડનું ધ્યાન ડુબી રહેલા પ્રૌઢ પર પડતાં કેનાલમાં કુદીને પાણીમાંથી પ્રૌઢને સલામત રીતે બહાર કાઢી બચાવી લેવામાં આવ્યા હતા. અમદાવાદના પ્રૌઢે માનસિક બિમારીથી કંટાળી જઈને કેનાલમાં ઝંપલાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

મળતી વિગતો મુજબ અમદાવાદના વિરાટનગર વિસ્તારમાં રહેતા ૫૦ વર્ષીય પ્રૌઢ આજે સવારે ૧૧ વાગ્યાના અરસામાં ગાંધીનગર પાસેના કરાઈ નર્મદા કેનાલ પાસે આવી પહોંચ્યા હતા અને કેનાલમાં ઝંપલાવી દીધું હતું. કેનાલ સિકયુરીટી ગાર્ડ પ્રવિણજી ઠાકોરનું ધ્યાન ડુબી રહેલા પ્રૌઢ પર પડતા તે દોડીને કેનાલમાં કુદી પડયા હતા અને પાણીમાંથી સહી સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. પ્રૌઢનાં ખિસ્સામાંથી એક સ્યુસાઈડ નોટ મળી હતી. જેમાં હિન્દી ભાષામાં લખ્યું હતું બિમારીથી કંટાળીને કેનાલમાં પડે છે અને આપઘાત પાછળ કોઈના વિરુધ્ધ કાર્યવાહી ન થાય તેમ સ્યુસાઈડ નોટમાં લખ્યુંહતું. કેનાલ સિકયુરીટી ગાર્ડેપ્રૌઢને બચાવી લઈ પોલીસને જાણ કરી હતી.

## ભટ્ટ અને ધીરજ દેસાઈના જામીન ઉપર આજે ફેંસલો

અમદાવાદ, તા.૧૩

પોલીસ બેડામાં ચકચાર જગાવનાર રાજુ ઠક્કર કસ્ટોડિયલ ડેથ પ્રકરણમાં પોલીસકર્મી અશોક ભટ્ટ અને ધીરજ દેસાઈ દ્વારા દાખલ કરવામાં આવેલ આગોતરા જામીન અરજીનો આવતીકાલે ચુકાદો જાહેર થશે. ઉલ્લેખનીય છે કે આ કેસમાં પીએસઆઈ બાબુ પટેલ સહિતના નવ પોલીસકર્મીઓ જેલમાં ધકેલાયેલા છે.

આ કેસની વિગત એવી છે કે ઘરફોડ ચોર રાજુ ઠક્કરને ચોરીના એક બનાવમાં શંકાના આધારે સરદારનગર પોલીસ મથકના પીએસઆઈ બી.એમ. પટેલ ઉઠાવી લઈ જઈ અજીતમીલ ચોકીના પોલીસકર્મીઓને સોંપી દીધા હતા. જ્યાં અજીતમીલના પોલીસકર્મીઓ દ્વારા રાજુ ઠક્કરને મૂઢ મારમારતા તેનું જેલ કસ્ટડીમાં જ મૃત્યુ થઈ ગયું હતું. આ કેસની તપાસ શહેર ક્રાઈમબ્રાન્ચને સોંપાઈ હતી જેમાં ક્રાઈમબ્રાન્ચે બી.એમ. પટેલ સહિત નવ પોલીસકર્મીઓ સામે હત્યાના ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

## દુઃખદ અવસાન

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી બળદેવભાઈ ચૌધરીના માતૃશ્રી નેનાબાનો આજે સ્વર્ગવાસ થયો છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે એવી સ્નેહીજનોએ શુભ પ્રાર્થના કરી છે.

## શબ્દાવલી - ૫૦૮૮



### આડી ચાવી

૧. ખુબ જ સુંદર (૪)
૪. રોજગારી ના હોય, બેરોજગારી (૩)
૬. શોધ (૨)
૭. વ્રત પછી રાત્રે... કરવું પડે (૪)
૯. ... કરવું, દેખાડવું, પ્રસ્તુતિ (૨)
૧૧. ભારતીય ધ્વજ (૩)
૧૪. આકાંક્ષા (૩)
૧૬. ગપ્પા મારવા, ચર્ચા (૪)
૧૮. ગુંદર (૨)
૧૯. વાતો કરવી (૪)
૨૧. અસફળતા (૫)
૨૪. ઝાકળ (૪)
૨૫. દેવું (૩)

### ઊભી ચાવી

૧. લખપતિ (૪)
૨. ન્યાયાધીશ (૨)
૩. ખરીદીનું સ્થળ (૩)
૪. ઈમલી ખટ્ટી મીઠે... બોર (૨)
૫. મૃત્યુ પછીનું રડવું (૨)
૮. હિંમત, હામ (૨)
૧૦. બક્ષિસ (૩)
૧૨. રોનક, રંગની છટા (૩)
૧૩. ગોલમાલ કરવી, ... મારવી (૩)
૧૫. એક કઠોળ (૨)
૧૭. એક ઓમકાર... સાચુ નામ (૪)
૧૯. લાકડાને પોલિશ કરવાનું દ્રવ્ય (૩)
૨૦. કાર્ટૂન (૩)
૨૨. મિત્ર, દોસ્ત (૨)
૨૩. બિયારમ, બીયા (૨)

### શબ્દાવલી ૫૦૮૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) સજાવટ (૪) નવાબ (૭) ગગન (૮) જુના (૯) ડોર (૧૧) તિખા (૧૩) ટપાલપેટી (૧૫) ગરબા (૧૬) અકબર (૧૮) તોર (૨૦) ગવુણ (૨૧) મહારાજ (૨૩) ગામતરૂ

**ઊભી ચાવી :-** (૧) સમજૂતિ (૨) વગડો (૩) ટગરટગર (૫) વાજુ (૬) બનાવતી (૧૦) ગુલબા (૧૨) ખાબકવું (૧૪) પાર (૧૬) અગન (૧૭) બમણા (૧૮) તોરા (૧૯) રજત (૨૧) મત (૨૨) હારૂ

# કારકિર્દી માર્ગદર્શન ઈ પુસ્તિકા કોંગ્રેસ દ્વારા આખરે રજુ કરાઈ

## ધોરણ ૧૦ પછી શું તે મામલે માહિતી અપાશે : જીવનની પ્રગતિ માટે અભ્યાસક્રમોની પસંદગી જરૂરી : મોઢવાડિયા

અમદાવાદ, તા.૧૩

ધોરણ-૧૦ પછી શું ? વિસ્તરતી ક્ષિતિજો સચોટ અને સંપૂર્ણ માર્ગદર્શન ઈ-પુસ્તિકા સતત ચોથા વર્ષે પ્રકાશિત કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ધોરણ-૧૦ પછી જીવનની પ્રગતિ માટે અભ્યાસક્રમોની પસંદગી અતિ આવશ્યક બની જાય છે. હાલના સ્પર્ધાત્મક વાતાવરણમાં ગુજરાતના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ પોતાની ક્ષમતા અનુરૂપ અભ્યાસક્રમ પસંદ કરી શકે અને તેમાં અસરકારક દેખાવ કરે તે માટે સતત ચોથા વર્ષે કારકીર્દી માર્ગદર્શન ઈ-પુસ્તિકા દ્વારા માહિતી આપવાનો ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આ સંનિષ્ઠ પ્રયત્ન છે. આ ઈ-પુસ્તિકા તૈયાર કરવામાં ડો. મનિષ દોશીએ અને તેમની ટીમે જહેમત ઉઠાવી છે. તેમને પ્રદેશ સમિતિ વતી અભિનંદન પાઠવું છું.

તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન ડો. મનમોહનસિંહ તથા કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે. તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસની આગેવાની નીચેની યુપીએની કેન્દ્ર સરકારે શિક્ષણ માટે ૧૧મી અને ૧૨મી પંચવર્ષીય યોજનામાં ઘણા મોટા પ્રમાણમાં નાણાંની ફાળવણી કરી છે. ત્યારે રાજ્ય સરકારે ગુણવત્તા ધરાવતા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપમાં વધારો કરી પીઠબળ પુરૂં પાડવું જોઈએ. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિદ્યાર્થી અને તેમના વાલીઓ સતત મહેનત કરી સારી સફળતા માટે પ્રયત્નશીલ હોય છે, ત્યારે બીજી બાજુ ગુજરાતમાં માત્ર ધનપતિઓના દીકરા-દીકરીઓને શિક્ષણનો લાભ મળે તેવી પરિસ્થિતિ સતત થતી જાય છે. ગુજરાતના લાંબાગાળાના સંતુલિત વિકાસ માટે આ યોગ્ય નથી.

પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા અને આ ઈ-પુસ્તિકાના સંપાદક ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, આ માહિતી માર્ગદર્શન ઈ-પુસ્તિકામાં એસએસસી પછીના વિકલ્પો, ધોરણ-૧૦ પછીના ડિપ્લોમા, ઈજનેરી, આઈટીઆઈ, ફાઈન આર્ટસ ડિપ્લોમા, કૃષિ યુનિવર્સિટી તેમજ ડો. બાબસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના અભ્યાસક્રમોની વિગતો ઈ-પુસ્તિકા બુક સ્વરૂપે કોંગ્રેસ પક્ષની વેબસાઈટ ઉપર મુકવામાં આવી છે.

# લાંચ કેસ : રાઠોડની જામીન અરજી ઉપર આજે ચુકાદો

અમદાવાદ, તા.૧૩

શહેરના નારણપુરા વિસ્તારમાં એક પ્રેમ પ્રકરણની ફરિયાદની પતાવટ માટે નારણપુરા પોલીસ મથકના પીઆઈ એસ.એમ. રાઠોડ દ્વારા રૂા. ૫૦,૦૦૦ની લાંચ કેસમાં ચાર્જશીટ રજુ થયા બાદ પીઆઈ રાઠોડે રેગ્યુલર જામીન માટે જામીન અરજી કરી હતી. જેમાં બંને પક્ષોની દલીલો પૂર્ણ થઈ ગઈ છે. આવતીકાલે કોર્ટ જામીન અરજીનો ચુકાદો જાહેર કરશે.

આ કેસની વિગત એવી છે કે શહેરના નારણપુરા વિસ્તારમાં આશા નામની છોકરી પરિણીત યુવક રોનક પંડ્યા સાથે પ્રેમ કરતી હતી. બંને જણા ખાસા સમય સુધી સાથે રહ્યા પછી યુવક રોનક પંડ્યાએ આશાને લગ્ન કરવાની ના પાડી દીધી હતી. આશાએ આ બાબત તેના પિતરાઈ ભાઈ મયુર જાડેજાને કહી તેથી મયુરે રોનકનો સંપર્ક કરી એક દિવસ સળંગ પોતાની સાથે રાખી આશા જોડે લગ્ન ન કરવા બાતે વાતચીત થઈ એમાં રોનક પંડ્યા એક બ્રિજ પર ચઢી ગયો અને પોતાને મયુર જાડેજાએ નદીમાં ધક્કો માર્યા છે એવો આક્ષેપ કર્યો આ સમગ્ર મામલો નારણપુરા પોલીસ મથકે પહોંચ્યો જ્યાં પીઆઈ એસ.એમ. રાઠોડે ફરિયાદી ઘનશ્યામ પટેલ પાસેથી કેસની પતાવટ માટે પચાસ હજારની માંગણી કરી. પરંતુ પીઆઈ ટેપમાં પકડાય ગયો હતો. આ કેસમાં બે દિવસ અગાઉ ચાર્જશીટ રજુ થઈ ગયું છે. તેથી પીઆઈ રાઠોડે રેગ્યુલર જામીન મેળવવા માટે સીટી સીવીલ સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. પીઆઈ રાઠોડની રેગ્યુલર જામીન અરજી અંગે બંને પક્ષોના વકીલોની વચ્ચે ધારદાર દલીલો થઈ હતી. જેમાં સરકારી વકીલ મુકેશ કાપડીયાએ દલીલ કરતા કહ્યું હતું કે આરોપી દ્વારા અગાઉ દાખલ કરવામાં આવેલ જામીન અરજી અને હાલ દાખલ કરવામાં આવેલી જામીન અરજીમાં કોઈ નવું ગ્રાઉન્ડ કે અર્થઘટન નથી.

## જિલ્લાના કલેક્ટરે બહાર પાડેલ જમીન સંપાદન અધિનિયમની કલમ-૪ હેઠળનું પ્રાથમિક જાહેરનામું

**જિલ્લો : ગાંધીનગર**

**જમીન સંપાદન અધિનિયમ - ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)**

**ક્રમાંક : સીબી/એલ.એ.ક્યુ./એસ.આર.-૧/૨૦૧૩ તા : ૧૦-૬-૨૦૧૩**

૧. ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પૂરતા જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ (સને ૧૮૯૪ના ૧લા)ની કલમ-૫૨/કની પેટા કલમ (૨)થી મળેલી સત્તા હેઠળ બહાર પાડેલા તા. ૨૬-૧૦-૧૯૭૮ના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : એએમ ૭૮/૨૦૯૪/એમ-એલએક્યુ/૧૦૭૮/૧૦૮૧-એલએ-૪થી સદરહું અધિનિયમના ભાગ-૭ હેઠળ કંપનીઓ માટે જમીન સંપાદન માટે પ્રાથમિક જાહેરનામું બહાર પાડવાની સત્તાઓ સિવાયની કલમ-૪ હેઠળ પ્રાથમિક જાહેરનામું બહાર પાડવાની રાજ્ય સરકારની સત્તા જિલ્લા કલેક્ટરને સોંપવામાં આવી છે.

અને ગાંધીનગર જિલ્લાના કલેક્ટરને એમ લાગે છે કે આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની મહેસાણા - હિંમતનગર રોડના જંકશન સુધારવા સૂચિત પથરેખા માટેના હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

આથી, જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ (સને ૧૮૯૪ના ૧લા)ની કલમ-૪ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવે છે કે સદરહું જમીનોની ઉપર નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

૨. સદરહું જમીનોમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે સદરહું સંપાદનના હેતુ સારું સદરહું જમીનોમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહી. આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરની મંજુરી વિના વેચાણ, પટા, ગીરો, નામફેર, વિનિયમ દ્વારા અથવા અન્યથા સદરહું જમીનોના નિકાલ માટેનો અથવા તેમાં ખર્ચ કરવા માટેનો અથવા સુધારણા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહું જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહું અધિનિયમની કલમ-૨૪ (સાત) હેઠળ ધ્યાનમાં લેશે નહિ.

૩. ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહું જમીનોની ઉપર્યુક્ત હેતુ માટે જરૂર છે. તો સદરહું અધિનિયમની કલમ-૬ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં ગુજરાત સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. સંપાદન અંશતઃ કે પૂર્ણતઃ જતું કર્યું હોય તો તે હકીકત ગુજરાત સરકારી રાજ્યપત્રમાં યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

૪. તા. ૧૧-૧૦-૧૯૬૩ના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : એલએક્યુ : ૨૨૬૨-૬૯૧૭૭-કે સાથે વાંચવામાં આવતા જમીન સંપાદન અધિનિયમ, ૧૮૯૪ની કલમ-૩ના ખંટ (ગ) હેઠળ જિલ્લા કલેક્ટરના સદરહું જમીનોના સંબંધમાં સદરહું અધિનિયમની કલમ-૫-ક હેઠળ કલેક્ટરના કાર્યો બજાવવા માટે મહાલ / તાલુકાનો તત્સમયે હવાલો ધરાવતા હોય તેવા ખાસ જમીન સંપાદનઅધિકારી, ગાંધીનગરને નીમે છે.

### અનુસૂચિ

**જિલ્લો : ગાંધીનગર તાલુકો : માણસા ગામ : વિહાર**

| ક્રમ | બ્લોક / સર્વે નંબર | જરૂરી જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. |
|---|---|---|
| ૧. | ૩૮૮ | ૦-૦૦-૫૪ |
| ૨. | ૩૯૦ પૈકી | ૦-૦૦-૪૧ |
| ૩. | ૩૯૦ પૈકી | ૦-૦૧-૦૬ |
| ૪. | ૩૯૧ | ૦-૦૦-૩૦ |
| | કુલ ક્ષેત્રફળ | ૦-૦૨-૩૧ |

**(પી.એ.નિનામા)** **કલેક્ટર, ગાંધીનગર**
ખાસ જમીન સંપાદન અધિકારી,
ગાંધીનગર

*માહિતી/૫૪૦/૧૩-૧૪*